ક્રમાંક :- જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૨૨/૭૫
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૦૬/૦૨/૨૦૧૪

# // પરિપત્ર //

વિષય:- નિગમના જે પ્લોટ/ શેડ કે મિલ્કત લગત તરીકે અગાઉ ફાળવવામાં આવેલ હોય તેમાં વાણિજ્ય પ્રકારની મિલ્કતનો ઉપયોગ થતો ન હોય અને તે મિલ્કત જેવી કે, કેન્ટીન કે તેના જેવા અન્ય હેતુ માટે અગાઉ નિગમ ધ્વારા વસાહતમાં નકશા બનાવતી વખતે અનામત રાખવામાં આવેલ પ્લોટની માંગણી જો લગત તરીકે કોઈ ફાળવણીદાર ધ્વારા કરવામાં આવે તો તે માંગણી વિષયક ફાળવણીની નીતિ નક્કી કરવા અંગે.

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૨/૩૦ તા. ૨૮/૦૮/૨૦૧૨.

(૨) નિગમની સભા તા.૧૬/૧૨/૨૦૧૩ માં પસારા થયેલ ઠરાવ ક્રમાંક ૧૪૬/વિતરણ/૪૭૫/૨૦૧૩

ઉપરોક્ત સંદર્ભ -૨ થી પસાર કરવામાં આવેલ ઠરાવ અનુસાર નિગમની જે તે વસાહતોમાં વિકાસ નકશામાં જુદા જુદા પ્રકારની સુવિધા માટે અનામત રાખવામાં આવેલ પ્લોટ જેવા કે, સ્કુલ, બગીચા, કેન્ટીન, પોસ્ટ ઓફિસ વગેરેનો ઉપયોગ થતો ન હોય કે તે પ્લોટ માટે માંગણી મળતી ન હોય તેવા સંજોગોમાં આ પ્લોટોને અનામત રાખવાના કારણે બિન જરૂરી દબાણ કે કબજાના પ્રશ્નો ઉદ્‌ભવે નહી. તેથી આ પ્રકારના પ્લોટોને ઔધોગિક હેતુસર ફેરવીને લગત તરીકે ફાળવણી કરવાની જો માંગણી મળે તો તે ફાળવવા માટેની નીતિ તા. ૨૮/૦૮/૨૦૧૨ ના પરિપત્રમાં દર્શાવેલ. પરંતુ ઉપરોક્ત સુવિધાઓમાંની એક કેન્ટીન પ્લોટને લગત તરીકે ફાળવણી કરવા બાબતની સ્પષ્ટતા તેમાં નહી હોવાના કારણે તેની લગત તરીકે ફાળવણીની માંગણી મળવા છતા તેના ઉપર નિર્ણય લઈ શકાતો ન હોવાના કારણે કેન્ટીન માટે નીમ કરેલ પ્લોટની ફાળવણી શક્ય બનતી ન હતી. વસાહતમાં કેન્ટીન તરીકે ઉપયોગમાં લેવાતો ન હોય તેવો ખુલ્લો પ્લોટ કે જેની માંગણી પણ કોઈ સંસ્થા કે એકમ ધ્વારા કરવામાં આવેલ ન હોય તેવા પ્લોટને લગત તરીકેની માંગણી મળ્યેથી લગતની વ્યાખ્યામાં જે ફાળવણીદાર જો યોગ્ય ઠરે, તેવા ફાળવણીદારને લગત તરીકે કેન્ટીન પ્લોટની ફાળવણી વાણિજ્ય દરે (પ્રવર્તમાન ઉદ્યોગ દરના બમણા અથવા જે તે વસાહતના પ્રવર્તમાન રહેણાંક દરના દોઢા આ બન્નેમાંથી જે વધારે હોય તે) કરવા તથા ફાળવણી વખતે જરૂરી અન્ય ચાર્જ/ ફી વગેરે પણ ધ્યાનમાં લઈ પૂરેપૂરી રકમ એકી સાથે વસૂલ લઈ ફાળવણી કરવાની રહેશે લગત તરીકે ફાળવણી માટેની તમામ અન્ય શરતો ઉપર દરશાવેલ તા. ૨૮/૦૮/૨૦૧૨ પરિપત્રો મુજબ યથાવત રહેશે અને આ અંગેની મંજુરી વડી કચેરીએથી નિગમના માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી ની મેળવ્યા બાદ ફાળવણી કરવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.......જાણ સારૂં.

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ...તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો..........તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઈડીસી, ગાંધીનગર.....નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ

(સહી) ૧/૨

જનરલ મેનેજર (ઈએન્ડએ)